|| શ્રી મહાવીરાય નમઃ ||

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૧ જાન્યુઆરી ૨૦૨૬ મહિલા મંડળ કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**

**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

## શ્રેણી – ૫

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER YES/NO | |
| SANGH NAME | | SUPARVISOR SIGN | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૩૦)

**પ્ર.૧ સામાયિક –પ્રતિક્રમણના આધારે લખો.**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો. (૧૦)**

૧. જં પિ ય **ઈમં સરીરં ઈઠ્ઠં કંતં પિયં** મણુન્નં

૨. પાવાણં **કમ્માણં નિગ્ધાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં અન્નત્થ** ઉસસિએણં

૩. સમણોઽહં **સંજય વિરય પડિહય પચ્ચક્ખાય પાવકમ્મો** અનિયાણો

૪. પાણ **ભોયણાએ બીયભોયણાએ હરિયભોયણાએ પચ્છા કમ્મિયાએ પુરે કમ્મિયાએ** અદિટ્ઠહાડાએ

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખી કયા પાઠમાં આવે છે? (૫)**

૧. ભોયણાઉ ય **ભોજન સંબંધી અને** **સાતમા વ્રતમાં**

૨. ફાસાફૂસંતુ **તે પ્રકારના કોઇપણ સ્પર્શ** **સંથારાના પાઠમાં**

૩.પૂએસુ વા **પરૂમાં ઉપજે તે** **૧૪ સંમૂર્છિમમાં**

૪. સાંશયિક મિથ્યાત્વ **શંકાશીલ રહેવું તે** **૨૫ મિથ્યાત્વમાં**

૫. સત્થ મુસલાદિક **શસ્ત્ર, સાંબેલા વગેરે** **અગિયારમા વ્રતમાં**

**(૩) નીચેના શબ્દોના માગધી શબ્દ લખો. (૬)**

૧. વિચરીશ **વિહરિસ્સામિ** ૨. જ્યાં સુધી મર્યાદા કરી **જાવ નિયમં**

૩. લોહીમાં ઉપજે તે **સોણિએસુ વા** ૪. રખે! વાત થાય **મા ણં વાઈયં**

૫. સંસારમાં શ્રેષ્ઠ છે **લોગુત્તમો** ૬. વાણીથી સ્તુતિ કરાયેલા **કિત્તિય**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.** **(૯)**

૧. મંગલ એટલે શું? તેનો ત્રીજો ભેદ લખો. **જેના દ્વારા દુર્ભાગ્ય આદિ બધા સંકટો દૂર થઈ જાય.**

૨. અનર્થદંડ એટલે શું? **વિના પ્રયોજને આત્મા દંડાય તે.**

૩. નમસ્કાર સૂત્રના સ્મરણથી શેનો વિકાસ થાય છે? **આપણી ગુણગ્રાહી દષ્ટિનો.**

૪. લોભ એટલે શું? **અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા, પ્રાપ્ત વસ્તુ છોડવાના ભાવ ન કરવા તે.**

૫. ૧૮ પાપમાંથી મનથી થતા પાપના નામ લખો. **ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મિચ્છાદંસણસલ્લં.**

૬. શરીરને કોના સમાન કીધું છે? **આભૂષણોના કરંડિયા સમાન, રત્નોના કરંડિયા સમાન.**

૭. પ્રહર એટલે શું? **દિવસ કે રાત્રિનો ચોથો ભાગ.**

૮. સાધુ કોણ બની શકે? **૧ થી ૫ નરકમાંથી નીકળેલા.**

૯. પાંચ મહાભૂત કયા છે? **પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ.**

(૫૦)

**પ્ર.૨ તત્ત્વ વિભાગ/સંસ્કાર વિભાગના આધારે લખો.**

**(અ) છ આરાના આધારે જવાબ લખો.** **(૨૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.** **(૧૦)**

૧. અવસર્પિણી કાળના પાંચમા આરાના ૫, ૧૬ મું લક્ષણ લખો.

**૫) રાજા યમદંડ સરખા થશે. ૧૬) એક ધર્મના ઘણા ભેદ થશે.**

૨. ધૃતમેઘમાં શું થશે? **ધરતી સ્નિગ્ધ બનશે. તેમાં ચીકાશ ઉત્પન્ન થશે.**

૩. મકાર દંડ કયા કુલકરના સમયમાં હતો? **૫ થી ૧૦ કુલકરના સમયમાં.**

૪. કૂટ એટલે શું? **શિખરનો આકાર.**

૫. ઉત્સર્પિણી કાળમાં ધર્મકાળ કેટલો?

**૧ ક્રોડાક્રોડ સાગરમાં ૪૨૦૦૦ વર્ષ ઉણા+૮૪ લાખ પૂર્વ ૩ વર્ષ ૮ાા મહિના.**

૬. અવસર્પિણીના છટ્ઠા આરામાં મનુષ્યો ક્યાં રહેશે? **વૈતાઢ્ય પર્વતના ૭૨ બિલમાં.**

૭. અઢીદ્વીપમાં શું થાય છે? **સૂર્ય અને ચંદ્ર ચલ હોવાથી દિવસ-રાત થાય છે.**

૮. ઉત્સર્પિણીમાં માત્ર જુગલિયા કયા આરામાં હોય? **પાંચમા અને છટ્ઠા આરામાં.**

૯. અવસર્પિણીના ચોથા આરામાં કયા શ્રેષ્ઠ પુરુષો ઉત્પન્ન થયા?

**૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ.**

૧૦. સદા એકસરખો કાળ કયા ક્ષેત્રમાં હોય છે? બે શબ્દમાં લખો. **મહાવિદેહ, જુગલિયા.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

૧. ઉત્સર્પિણીના ૨૪ મા તીર્થંકર મોક્ષે ગયા પછી ......, ...... ધર્મ વિચ્છેદ જશે. **રાજધર્મ, ચારિત્ર**

૨. અવસર્પિણીના બીજા આરો બેસતા ...... અવગાહના અને ઉત્સર્પિણીના ત્રીજો ઉતરતા ...... પાંસળીઓ હોય. **૨ ગાઉ, ૩૨**

૩. ઋષભદેવ ભગવાન ...... નક્ષત્રમાં મોક્ષે ગયા. **અભિજિત**

૪. ચિત્તને ગમે તેવા ..... ..... ના કલ્પવૃક્ષ. **રસવંતા ભોજન**

૫. ભગવાન મહાવીર ..... દિશાના કિનારે, ...... વૃક્ષ નીચે ...... ની આતાપના લેતા હતા.

**ઉત્તર, શાલ, તડકા**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ બે શબ્દમાં લખો. (૫)**

૧. અવસર્પિણીના છટ્ઠા આરાની ગતિ પ્રાયઃ કઈ હશે? **નરક, તિર્યંચ**

૨. કુલકર એટલે શું? **વ્યવસ્થાપક, માંડલિક રાજા**

૩. ઉત્સર્પિણીના પાંચમા આરે ધરતીની સરસાઈ કોના જેવી હશે? **ખાંડ, ગોળ**

૪. ૧૪ મા ને ૧૫ મા કુલકર કોણ થયા? **નાભિરાજા, ઋષભદેવ**

૫. અવસર્પિણી કાળના પાંચમા આરે શિષ્ય કેવા થશે? **અવિનીત, કલેશી.**

**(આ) કર્મપ્રકૃતિનાના આધારે લખો. (૨૫)**

**(૧) વ્યાખ્યા લખો. (૫)**

૧. અટિપ્પણયાએ : **ટપક ટપક આંસું ન પડાવવાથી.**

૨. અરતિ : **જેના ઉદયથી જીવને ધર્મકાર્યમાં આળસ અને કંટાળો આવે.**

૩. અનિષ્ટ સ્થિતિ : **શરીરની સ્થિતિ સારી ન હોય.**

૪. દંસણ પઓસેણં : **તે દર્શન અને દર્શનીની આશાતના કરે.**

૫. અપવર્તન : **જીવના પરિણામને કારણે પૂર્વે બાંધેલા કર્મની સ્થિતિ અને અનુભાગને ઘટાડવા.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો. (૧૦)**

૧. ઉત્તરાધ્યયન સૂત્રમાં કર્મની કઈ વાત બતાવી છે? તેનો ત્રીજો ભેદ લખો.

**કરેલા કર્મ ભોગવ્યા વિના જીવનો મોક્ષ થતો નથી.**

૨. અંતરાય કર્મ કોના સમાન છે? નામ કર્મે કયો ગુણ રોક્યો છે? **રાજાના ભંડારી સમાન. અમૂર્ત ગુણ.**

૩. જીવ અને કર્મનો સંબંધ ક્યારથી છે? કયા ઉદા.થી સમજાવ્યું છે? **અનાદિકાળથી. સોનું અને માટી.**

૪. જ્ઞાનાવરણીય કર્મની જે પ્રકૃતિઓ છે તેમાં શ્રાવકને જેટલા જ્ઞાન હોય તે પ્રકૃતિઓ લખો.

**મતિ જ્ઞાનાવરણીય, શ્રુત જ્ઞાનાવરણીય, અવધિ જ્ઞાનાવરણીય.**

૫. શુભ સ્વરના નામ લખો. **ઈષ્ટ સ્વર, કાંત સ્વર, પ્રિય સ્વર, મનોજ્ઞ સ્વર.**

૬. નામ કર્મની પિંડ પ્રકૃતિ કેટલી? તેની પ્રકૃતિ કેટલી? બે શબ્દમાં લખો. **૧૪, ૬૫**

૭. વેદનીય કર્મ શા માટે ત્રીજું છે?

**જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ક્ષયોપશમની હીનાધિકતાને કારણે દુઃખની પ્રાપ્તિ થાય છે.**

૮. વેદનીય કર્મ કેટલા પ્રકારે બાંધે? અંતરાય કર્મ કેટલા પ્રકારે ભોગવે? બે શબ્દમાં લખો. **૨૨, ૫**

૯. કયા સંઘયણમાં પાટો હોય? બે શબ્દમાં લખો. **વજ્રઋષભનારાચ, ઋષભનારાચ**

૧૦. વિહાયોગતિના નામ લખો. **પ્રશસ્ત વિહાયોગતિ, અપ્રશસ્ત વિહાયોગતિ.**

**(૩) નીચેના વાક્યો સાચા છે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. વિનય પ્રકૃતિથી મનુષ્યનું આયુષ્ય બંધાય છે. **સાચું.**

૨. કાર્ય વિના કારણની ઉત્પત્તિ થતી નથી. **ખોટું. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી.**

૩. કર્મ કર્તાને જ અનુસરે છે. **સાચું.**

૪. ક્ષય માત્ર મોહનીય કર્મનો થાય છે. **ખોટું. ક્ષય આઠે કર્મનો થાય છે./ઉપ. માત્ર મોહનીય કર્મનો થાય છે.**

૫. નિદ્રાના ચાર પ્રકાર છે. **ખોટું. નિદ્રાના પાંચ પ્રકાર છે.**

**(૪) નીચેના પ્રસંગોમાં કયા કર્મની કઈ પ્રકૃતિ આવે? (૫)**

૧. જેની પાસે ચક્ષુ દર્શન છે તેની નિંદા કરી હોય. **દર્શનાવરણીય કર્મની દંસણ પડિણિયાએ**

૨. હરિકેશીએ રૂપનો મદ કર્યો હતો. **ગોત્ર કર્મની રૂપ મદ**

૩. માતાને સુગર છે એટલે મિઠાઈ ન આપે. **અંતરાય કર્મની ભોગાંતરાય**

૪. આગિયાનું શરીર ચમકે છે. **નામ કર્મની ઉદ્યોત નામ**

૫. કરુણા કીડીને દુઃખ આપે છે. **વેદનીય કર્મની અશાતા વેદનીય**

**(ઇ) સાધુ-સાધ્વીને ગોચરી વહોરાવવાની સમજણના આધારે જવાબ એક શબ્દમાં લખો. (૫)**

૧. ક્યાં ઊભા રહીને સાધુ-સાધ્વીને વહોરાવવું નહિ? **ભીના આંગણા**

૨. ગોચરીના સમયે કેવું રહેવું? **સૂઝતા**

૩. શ્રાવક શેના ત્યાગી થવું? **રાત્રિભોજન**

૪. સાધુ-સાધ્વીજી ઘરે પધારે ત્યારે કેવી રીતે સાત-આઠ ડગલા સામે જવું? **વિનયપૂર્વક**

૫. સાધુના નિમિત્તે વેચાતું લીધેલું હોય તેને શું કહેવાય? **ક્રીતકૃત**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.**

૧. તીર્થંકરોનો જન્મ મહોત્સવ ક્યારે ઉજવાઈ છે? **મધ્યરાત્રિ**

૨. શેરડીનો સ્વીકાર કરવાથી કયા વંશની સ્થાપના થઈ? **ઈક્ષ્વાકુ**

૩. પુરોહિતનું કુળ કયું કહેવાયું? **ભોગકુળ**

૪. દ્રહની નજીક શું હતું? **માલુકાકચ્છ**

૫. સાધક ઈન્દ્રિયોને શેની ઢાલમાં સુરક્ષિત રાખે છે? **આત્મસંયમ**

૬. તિર્યંચનો ભવ શેના કારણે મળે છે? **પાપોદય**

૭. કામદેવ શ્રાવકે શેનો પરિચય આપ્યો હતો? **ધર્મશ્રદ્ધા**

૮. કામદેવ શ્રાવકે કેટલા પ્રકારનો શ્રાવકધર્મ અંગીકાર કર્યો? **૧૨**

૯. કામદેવ શ્રાવકને કેટલા ઉપસર્ગ આપ્યા? **ત્રણ**

૧૦. હસ્તિનાપુર નગરમાં કયા શેઠે સ્વપ્ન જોયું? **સુબુદ્ધિ**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

૧. ભદ્દીલપુર **નગરી, નાગ ગાહાવઈ જાણ, સુલસા ઘેર વધીયા, સાંભળી નેમિની વાણ.**

**તજી ૩૨ (૨) અંતેઉરી. નીકળ્યા છટ્કાય, નળ–કુબેર સમાણા ભેટ્યા શ્રી નેમિના** પાય.

૨. ઈણ **અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ, બળભદ્ર મુનિશ્વર, ગયા પાંચમે દેવલોક.**

**દશાર્ણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરી માન, પછી ઈન્દ્ર હટાયો, દિયો છકાય અભય** દાન.

૩. સતી **મુગતે પહોંચ્યા, વળી તે વીરની નંદા, મહાસતી સુદર્શના ઘણી સતીઓના વૃંદા.**

**વળી કાર્તિક શેઠે, પડિમા વહી શૂરવીર, જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી** ખીર.

૪. જાદવ **કુળ સતીયાં, ટાળ્યો દુઃખ ઉચાટ, પહોંચ્યા શિવપુરમાં, એ છે સૂત્રનો પાઠ.**

**શ્રેણિકની રાણી, કાલિયાદિક દશ જાણ, દશે પુત્ર વિયોગે, સાંભળી વીરની** વાણી.

૫. ચોવીસે **જિનના, સઘળાં એ ગણધાર, ચૌદસેં ને બાવન, તે પ્રણમું સુખકાર.**

**જિનશાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ, ગૌતમદિક ગણધર, વર્તાવ્યો** આણંદ.

**જય – જિનેન્દ્ર**


❋ PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.
❋ NEXT CLASS STARTS FEBRUARY 2ND/3RD MONDAY AND TUESDAY.
❋ TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.
❋ FOR BOOKS AND EXAM REGISTRATION.